
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨ | ૧૩ માર્ચ, ૨૦૨૦, શુક્રવાર; ફાગણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# શેરબજારમાં કોરોનાનો કોહરામ

**સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઈન્ટ્રા ડે દરમિયાન ૯ ટકાથી વધુ રેકોર્ડ ઘટાડો : સેંસેક્સ અભૂતપૂર્વ રીતે ગગડીને ૩૨૭૭૮ની નીચી સપાટીએ : એચડીએફસી બેંકના શેરમાં ૯ ટકાથી વધુનો ઘટાડો : નિફ્ટીમાં ૮૨૫ પોઈન્ટ સુધી ઘટાડો**



## સેંસેક્સમાં ૨,૯૧૯ પોઈન્ટનો ઈતિહાસનો સૌથી મોટો ઘટાડો

મુંબઈ,તા. ૧૨ શેરબજારમાં આજે કોરોના વાયરસની દહેશત વચ્ચે હાહાકાર મચી ગયો હતો અને શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જતા કારોબારી હચમચી ઉઠ્યા હતા. આજે કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ હજુ સુધીના ઈતિહસમાં સૌથી વધુ એક દિવસમાં ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સ ૨૯૧૯ પોઈન્ટ સુધી ઘટીને ૩૨૭૭૮ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ઈન્ડેક્સ હેવીવેઈટ એચડીએફસી બેંકમાં ૯ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને એચડીએફસીમાં ૭ટકાથી વધુનો ઘટાડો થયો હતો. સેંસેક્સને સૌથી નીચી સપાટીએ લઈ જવામાં રિલાયન્સ અને એચડીએફસી તથા અન્યોની મોટી ભૂમિકા રહી હતી. એસબીઆઈ, એક્સિસ બેંક, આઈટીસી, ઓએનજીસીના શેરમાં ૧૩ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. બ્રોકર નિફ્ટી ઈન્ડેક્સ ૨૬મી માર્ચ ૨૦૧૮ બાદથી પ્રથમ વખત ૧૦ હજારથી નીચી સપાટીએ પહોંચી ગયો હતો. નિફ્ટી કારોબારના અંતે ૮૨૫ પોઈન્ટ ઘટીને ૯૬૩૩ની નીચી સપાટીએ રહ્યો હતો. તેમાં ૭.૮૯ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. તાજેતરમાં ઉંચી સપાટીથી ઈન્ડેક્સ હવે ૨૦ ટકા સુધી ઘટી ગયો છે. તમામ નિફ્ટી સેકટર ઈન્ડેક્સ સેશન દરમિયાન બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. નિફ્ટી-પીએસયુ બેન્ક ઈન્ડેક્સમાં ૧૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ઈન્ટ્રા ડે દરમિયાન ૧૧૦૦ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો અને અંતે ૭.૭ ટકા ઘટીને ૧૨૩૮૦ની સપાટીએ રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાથી બચવા ભારત દુનિયાથી અલિપ્ત રહેશે

**દેશના તમામ લોકોને વધુ સુરક્ષિત રાખવાના હેતુસર મોદીનો નિર્ણય : મેન ટુ મેન કોન્ટેક્ટથી ફેલાઈ રહેલા જીવલેણ વાયરસ ઉપર નિયંત્રણ મુકવાના હેતુથી સાહસી નિર્ણય : ૧૫ એપ્રિલ સુધી બાકી વિશ્વથી ભારત અલગ રહેશે**

નવી દિલ્હી,તા. ૧૨ દેશના ૧૨થી વધુ રાજ્યોમાં કોરોના વાયરસના ૭૩થી વધુ કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા એક પછી એક પગલા લેવાઈ રહ્યા છે જેના ભાગરુપે વધુ એક મોટો નિર્ણય કરીને ભારતે સમગ્ર દુનિયાથી પોતાને અલગ કરવાનો નિર્ણય કર્યો છે. દેશના લોકો બિલકુલ સુરક્ષિત રહે તે હેતુસર આ નિર્ણય કરાયો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ અસરગ્રસ્ત લોકોના સંપર્કને ટાળવાનો રહેલો છે. તમામ નિર્ણયો તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવ્યા છે. આગામી એક મહિના સુધી સમગ્ર દુનિયાથી ભારતે પોતાને અલગ રાખવાનો નિર્ણય કર્યો છે. ઝડપથી ફેલાઈ રહેલા કોરોના વાયરસને રોકવાના હેતુસર ભારત સરકારે હવે વધુ એક મોટો અને સાહસી નિર્ણય કર્યો છે. એક પછી એક અનેક નિર્ણય કરવામાં આવી રહ્યા છે. જેના અમલીકરણના કારણે સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. હવે ભારત સરકારે આગામી એક મહિના સુધી સમગ્ર દુનિયાથી

● અનુસંધાન પાન-૭ પર

# રજનીકાંત પુનઃ રાજકારણમાં

ચેન્નાઈ,તા.૧૨ સુપરસ્ટાર રજનીકાંતે પોતાના ભવિષ્યના રાજકારણને લઈ પત્તા ખોલી નાંખ્યા છે. રજનીકાંતે કહ્યું છેકે તેઓ એક એવી પાર્ટી બનાવા જઈ રહ્યા છે જેમાં સરકાર અને પાર્ટી અલગ-અલગ કામ કરશે. રજનીકાંતના પ્લાન પ્રમાણે તેઓ પોતે પાર્ટીના નેતા હશે અને પોતે મુખ્યમંત્રી બનશે નહીં. રજનીકાંતે એમ પણ કહ્યું કે તેમની પાર્ટીનો નિયમ એ છે કે જે પણ નેતા પાર્ટીનું નેતૃત્વ કરશે તેઓ કયારેય સરકારનો હિસ્સો બનશે નહીં. રજનીકાંતે કહ્યું કે તેઓ છેલ્લાં ઘણા સમયથી તામિલનાડુનું રાજકારણ જોઈ

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત સરકાર માન્ય LTC / કપલ / ફેમીલી પ્રવાસો
લેહ-લદાખ નુબ્રાવેલી-પેંગોંગ
દાર્જીલીંગ ગંગટોક-લાચુંગ-પેલીંગ
બેંગકોક પટાયા ફૂકેટ કાબી
કાશ્મીર ગુલમર્ગ-પહેલગામ
આંદામાન હેવલોક-નીલ
સિંગાપોર-મલેશિયા થાઈલેન્ડ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ચારધામ બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી
યુરોપ
દુબઈ
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી-કોવાલમ
સ્પે.ગોવા
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
8511103141 9998824488 9998826688
નુતન ટ્રાવેલ્સ 26562322/24 • 9427455274 9898023955 • 9724303375

શુભ ડેન્ટલ કેર
પાંચમાં વર્ષમાં મંગલ પ્રવેશ
SHUBH DENTAL CARE
Multi Speciality Dental Clinic
Dr. SHUBANG MAHARAJA
Dental Surgeon
M. 94082 76459
Timing : Morning 10 to 1 PM • Evening 4 to 9 PM
● દાંતની ચાકસણી આધુનિક X-Ray દ્વારા
● દાંતના મુળીયાની સારવાર અને કોમ્પોઝીટ ફીલીંગ
● પાયોરીયાની સારવાર ● દાંતની સાફાઈ
● ચોકઠા, ફીક્સ દાંત બનાવવાની સારવાર
● દાઢ કાઢવાની સારવાર
● ડહાપણની દાઢ કાઢવાની સારવાર
● કોસ્મેટીક સારવાર
● વીનીયર્સ એન્ડ લેમીનેટ્સ
● દાંતમાં ડાયમંડ લગાવવો
● બાળકોના દાંતની સારવાર
● ડેન્ટલ ઈમ્પ્લાન્ટ
● જડબાના ફ્રેક્ચરની સારવાર
● જડબા અને મોઢાંની રસોળી અને ગાંઠની સારવાર, મોઢાના કેન્સરની સારવાર
Shop No. 122, Kanam Residency-2, 1st Floor, KUDASAN
ડો. શુભાંગ મહારાજા (B.D.S.)
ડો. લજ્જા જહા (M.D.S.)
ડો. વત્સલ રામવાલા (M.D.S.)
શુભેચ્છકો
કૃષ્ણકાન્ત જહા ● ભાગ્યેશ જહા ● પ્રકાશ જહા
દર્શન મહારાજા - ડો. ચારૂ મહારાજા



ખૂબ ખૂબ આભાર
● બેંકિંગ સેક્ટરમાં રહેલી ડિપોઝીટ પર ઇન્સ્યોરન્સ મર્યાદા રૂા. ૧ લાખથી વધારીને રૂા. ૫ લાખ કરવા માટે
● આવકવેરાનો દર ૩૩%નો હતો તેમાં ૧૧%નો માતબર ઘટાડો સહકારી ક્ષેત્ર માટે પણ ૨૨% કરી આપવા માટે
● સહકારી ક્ષેત્રમાં મૂડી ઉભી કરવા માટેની Scheme જાહેર કરવા માટે
માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી
તથા
માન. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ નો
ગુજરાતની જીલ્લા સહકારી બેંકો, ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંક્સ ફેડરેશન તેમજ
ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.ના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ આભાર માને છે.
GSC BANK APEX BANK
ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.
(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)
શ્રી શંકરભાઈ એલ. ચૌધરી વાઈસ ચેરમેન
તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ
શ્રી અજયભાઈ એચ. પટેલ ચેરમેન